પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૫૭ | ૧૭ ઓગસ્ટ, ૨૦૧૯, શનિવાર; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં ક્રમશઃ નિયંત્રણો હળવા કરાશે

**સ્કુલ-ટેલિફોન પરથી અંકુશ ટૂંકમાં હટાવાશે : જમ્મુ કાશ્મીરમાં સરકારી ઓફિસો શરૂ થઇ : ખીણમાં ઘણી જગ્યાએ ટેલિફોન સેવાને બહાલી : સોમવાર સુધી સ્કુલ અને રસ્તા ખુલી જશે : મુખ્ય સચિવ સુબ્રમણ્યમ**



શ્રીનગર, તા. ૧૬

જમ્મુ કાશ્મીરથી કલમ ૩૭૦ દૂર કરવા અને રાજ્યની ફેરરચના બાદ ખીણામાં ઉભી થયેલી સ્થિતિ ઝડપથી સામાન્ય બની રહી છે. આજથી કેટલીક જગ્યાઓ પર ટેલિફોન, લેન્ડલાઈનની સુવિધા ફરી શરૂ કરવામાં આવી રહી છે તો આગામી સપ્તાહમાં સ્કુલ પણ ખુલવા લાગશે. સોમવારથી માર્ગો ઉપર વાહનોની અવરજવર પણ શરુ કરી દેવામાં આવશે. રાજ્યના મુખ્ય સચિવ બીઆર સુબ્રમણ્યમે આજે પ્રેસ કોન્ફરન્સમાં આ નિર્ણયોની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, સરહદ પારથી થઈ રહેલી આતંકવાદને જોતા કેન્દ્ર સરકાર તરફથી સાવધાનીપૂર્વકના પગલા લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, પ્રદેશમાં સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે અને હજુ સુધી કોઈપણ જાનહાનિના સમાચાર મળ્યા નથી અને કોઈને પણ ઈજા થવાના કોઈ અહેવાલ આવ્યા નથી. આગામી દિવસોમાં અંકુશો પર છુટ આપવામાં આવશે. તેમની સાથે આ પત્રકાર પરિષદમાં રાજ્યના પ્રધાન સચિવ રોહિત કંસલ પણ હાજર હતાં. મુખ્ય સચિવે કહ્યું હતું કે, આગામી દિવસોમાં ક્ષેત્રવાર લોકોને અવરજવરમાં છુટ આપવામાં આવશે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, શાંતિ બહાલ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ઘટી નથી. આ દરમિયાન કોઈપણ જાનમાલના કોઈ સમાચાર મળ્યા નથી. શાંતિ સ્થાપિત કરવા માટે સરકાર અને વહીવટીતંત્રને સ્થાનિક લોકોનો સાથ સહકાર ખુબ જ જરૂરી છે. ૨૨માંથી ૧૨ જિલ્લામાં સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે. મુખ્ય સચિવ બીવીઆર સુબ્રમણ્યમે કહ્યું કે કાશ્મીર ઘાટીમાં કોઈ પણ રસ્તા,-હાઈવે બંધ નથી. સરકારી કર્મચારીઓ આજથી સુચારુ રૂપથી કામકાજ કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું કે રાજ્યમાં કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે લોકોની સ્વતંત્ર રીતે અવરજવર અને ટેલિકોમ કનેક્ટિવિટી પર પ્રતિબંધ ઉપરાંત શાળાઓ અને કોલેજોને બંધ રખાઈ હતી. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા કાયદાકીય જોગવાઈઓ

● અનુસંધાન પાન-૭ પર

## અરૂણ જેટલીની હાલત ગંભીર કોવિન્દ એઈમ્સ પહોંચ્યા

**જેટલીના ફેફસામાં પાણી જમા થવાથી શ્વાસની તકલીફો**



નવી દિલ્હી,તા. ૧૬

પૂર્વ કેન્દ્રિય નાણાંપ્રધાન અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીની હાલત ગંભીર બનેલી છે. તેમને હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. આજે તેમની તબિયત ખરાબ થયા બાદ રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ મળવા માટે પહોંચી ગયા હતા. તેમને એમ્સમાં આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. નવમી ઓગષ્ટના દિવસે તેમની તબિયતને લઈને હેવાલ જારી કરવામાં આવ્યા બાદ કોઈ હેવાલ જારી કરવામાં આવ્યા નથી. તેમને વેન્ટીલેટર પર હાલમાં રાખવામાં આવ્યા છે. તેમની સ્થિતી ખતરાની બહાર થઈ રહી નથી. સુત્રના કહેવા મુજબ તેમના ફેફસામાં પાણી જમા થવાના કારણે તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. આ જ કારણસર તેમને વેન્ટીલેટર પર રાખવાની ફરજ પડી રહી છે. તેમના ફેફસામાંથી પાણી બહાર કાઢવાનુ કામ સતત ચાલી રહ્યુ છે. પરંતુ વારવાર પાણી જમા થઈ રહ્યુ છે. જેથી તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો નથી. તેમને સોફ્ટ ટિશ્યુ સરકોમા છે. જે એક પ્રકારના કેન્સર સમાન છે. આના કારણે જ તેમને તકલીફ આવી રહી હોવાનુ તબીબો માની રહ્યા છે. દર્દીના હાલમાં બ્લડ પ્રેશર અને પલ્સ યોગ્ય રીતે કામ કરી રહી છે. જો કે શુક્રવાર બાદથી તેમના આરોગ્યને લઈને કોઈ નિવેદન જારી કરવામાં આવી રહ્યા નથી. જેટલી પહેલા જ ડાયાબિટીસના દર્દી છે. સાથે સાથે કિડની ટ્રાન્સપ્લાન્ટની સર્જરી કરાવી ચુક્યા છે. થોડાક દિવસ પહેલા ટિશ્યુ કેન્સર હોવાના હેવાલ આવ્યા હતા.

# હરિયાણામાં અમિત શાહે ચૂંટણીનું રણશિંગુ ફુક્યું

**મોદીએ વોટબેંકની લાલચ કરી નથી જેથી કલમ ૩૭૦ હટાવી શક્યા : જે કામ કોંગ્રેસ ૭૦ વર્ષમાં ન કરી શકી, તે મોદી સરકારે ૭૫ દિવસમાં કરી બતાવ્યું: અમિત શાહ : જિંદમાં પાર્ટીની આસ્થા રેલીને અમિત શાહનું સંબોધન**

જિંદ, તા.૧૬

હરિયાણામાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપે સંપૂર્ણપણે કમરકસી લીધી છે અને આનું ચૂંટણી રણશીંગુ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહેએ જીંદમાં આસ્થા મહારેલીમાં ફુંક્યું હતું. આ દરમિયાન અમિત શાહે કલમ ૩૭૦ને દૂર કરવાના ઐતિહાસિક નિર્ણય ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કલમ ૩૭૦ એટલા માટે હટાવી શક્યા કેમ કે તેમના મનમાં વોટબેંકની લાલચ કરી નથી જ્યારે પૂર્વ સરકારે વોટબેંકની લાલચમાં આ નિર્ણય કરી શક્યા ન હતા. અમિત શાહે કહ્યું હતું કે, જે સરકારો પાંચ વર્ષમાં કામ નથી કરી શકતી તે ૭૫ દિવસમાં અમે કરી બતાવ્યું છે. સરદાર પટેલનું અખંડ ભારતનું સપનું મોદીએ પુરુ કર્યું છે. કાશ્મીર ભારતનો અખંડ ભાગ છે. કોંગ્રેસની સરકારો વોટબેંકની લાલચમાં આ કરી શક્યું નથી. મોદી સરકારને ૭૫ દિવસમાં કરી બતાવ્યું છે. કલમ ૩૭૦ અને ૩૫એ દૂર કરવી એ દેશની અખંડતા માટે જરૂરી હતું. આજે માભારતી આનંદિત છે. ગૃહ મંત્રી અમિત શાહ આજે હરિયાણાના જીંદમાં પાર્ટીની આસ્થા રેલીને સંબોધિત કરી. આ દરમિયાન તેમણે કહ્યું કે આ વખતે ફરી એકવાર હરિયાણામાં બે તૃતિયાંશ બહુમતીથી અમે સરકાર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### થાર એક્સપ્રેસ રદ

ભારત-પાક. વચ્ચે ચાલી રહેલા તણાવ બાદ રેલ મંત્રાલયે સાપ્તાહિક થાર લીંક એક્સપ્રેસને રદ કરવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેન જોધપુરથી પાકિસ્તાનના કરાચીને જોડનાર થાર રેલસેવાનો ભાગ છે.

### બજરંગ પુનિયાને ખેલ રત્ન

ભારતીય સ્ટાર પહેલવાન બજરંગ પુનિયાને આ વર્ષનો રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. ખેલ ક્ષેત્રમાં અપાતા આ ભારતનો સર્વોચ્ચ સન્માન છે. કુશ્તીના ક્ષેત્રે સતત સારા પ્રદર્શન બદલ તેમને આ એવોર્ડ આપવામાં આવશે.

### બલુચિસ્તાનની મસ્જીદમાં બ્લાસ્ટ : પાંચના મોત

પાકિસ્તાનના બલુચિસ્તાનના કુચલાકમાં એક જોરદાર વિસ્ફોટ થયો હતો. આ ધડાકામાં પાંચના મોત થયા છે જ્યારે ૧૫ ઘાયલ થયા છે.

# અમે સમસ્યાઓને ટાળતા-પાળતા નથી : પ્રધાનમંત્રી મોદી

**ઐતિહાસિક લાલ કિલ્લા પરથી મોદીનુ સંબોધન : ભ્રષ્ટાચાર, ખેડુત, જીએસટી, રોજગાર અને ત્રિપલ તલાક સહિત મુદ્દા ઉઠાવીને સિદ્ધીઓ ગણાવી : પ્રાથમિકતા નક્કી**



નવી દિલ્હી,તા. ૧૬

૭૩માં સ્વતંત્રતા દિવસના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી તેમના સતત છઠ્ઠા સંબોધનમાં તમામ મુદ્દાને આવરી લીધા હતા. મોદીએ પોતાના ભાષણમાં ભ્રષ્ટાચાર, ખેડુત, જીએસટી, રોજગાર અને ત્રિપલ તલાક સહિતના તમામ મુદ્દાને સામેલ કરીને સરકારની સિદ્ધીઓ ગણાવી હતી. સાથે સાથે કેટલીક નવી જાહેરાત કરી હતી. જેમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના પદની રચના કરવા અને વસ્તી વિસ્ફોટ પર કાબુ મેળવી લેવાની વાત કરી હતી. જમ્મુકાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવા માટેના તમામ કારણો રજૂ કરીને રાજ્યના વિકાસની વાત કરી હતી. કલમ ૩૭૦ને નાબુદ કરીને રાજ્યને બે કેન્દ્રશાષિત પ્રદેશમાં વિભાજિત કરવાની સરકારની નીતિ અંગે વાત કરતા મોદીએ કહ્યુ હતુ કે જમ્મુ કાશ્મીરના લોકોના સપનાને પૂર્ણ કરવાની તેમની સરકારની જવાબદારી છે. તેમણે કહ્યુહતુ કે આમાં કોઈ અંગત એજન્ડા નથી. મોદીએ પોતાની ખાસ શેલીમાં કહ્યુ હતુ કે અમે સમસ્યાને ટાળતા નથી સાથે સાથે સમસ્યાઓને પાળતા

● અનુસંધાન પાન-૭ પર

## રવિ શાસ્ત્રી ભારતીય ટીમના પ્રમુખ કોચ રહેશે : સીએસી

મુંબઈ, તા. ૧૬

રવિ શાસ્ત્રીને ફરી એકવાર ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે નિમવામાં આવ્યા છે. શુક્રવારે પૂર્વ કેપ્ટન કપિલ દેવના નેતૃત્વવાળી ક્રિકેટ સલાહકાર સમિતિ (સીએસી)એ ઈન્ટરવ્યુ લીધા હતા. મુંબઈમાં ક્રિકેટ એડવાઈઝરી કમિટિએ પ્રેસ કોન્ફરન્સ યોજી આ અંગે માહિતી આપી હતી. પ્રેસ કોન્ફરન્સમાં કપિલ દેવે કહ્યું હતું કે, ત્રીજા નંબર ઓસ્ટ્રેલિયાના ટોમ મુડી અને બીજા નંબર પર ન્યુઝીલેન્ડના માઈક હેસન રહ્યા હતા. કપિલ દેવે કહ્યું હતું કે, ત્રણ સભ્યોએ તમામને અલગ અલગ

● અનુસંધાન પાન-૭ પર




## આર્ટિકલ-૩૭૦ પર અરજી કરનારને સુપ્રિમે ખખડાવ્યા

**અડધો કલાક અરજી વાંચી, ખબર જ ન પડી શું કહેવા માંગો છો, આવી અરજી કેમ કરો છો?: સીજેઆઇ**

ન્યુ દિલ્હી,તા.૧૬

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવાયાના વિરોધમાં એક જનહિત અરજી પર સુપ્રેરેમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. મુખ્ય ન્યાયાધીશે અરજીકર્તાને બરાબરના ખખડાવતા કહ્યું છે કે, જાણકારી વગર જ અને કેટલીક સૂચનાઓના આધારે દાખલ કરવામાં આવી છે.

દાખલ કરનારા વકીલ એમ એલ શર્માને સુપ્રીમ કોર્ટે બરાબર ઝાટક્યાં છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અરજીકર્તાને પૂછ્યું કે, આ તે કેવી અરજી છે. આટલા ગંભીર મુદ્દા પર બકવાસ રીતે અરજી દાખલ કરાઈ છે.

સીજેઆઈએ અરજીકર્તા વકીલને બરાબર ફટકાર લગાવતા કહ્યું કે જનહિત અરજીની સાથે કોઈ એનેક્સર લગાવાયું નથી. હું તમારી અરજી અડધા કલાકથી વાંચવાની કોશિશ કરી રહ્યો છું. પરંતુ કશું સમજી શકતો નથી. તમારી પ્રેયર શું છે?પકશું ખબર નથી. તમે શું કહેવા માંગો છોપકઈ ખબર નથી?

આ સાથે જ ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, તમારી અરજી એવી નથી કે જેના પર સુનાવણી થઈ શકે. તમારી અરજી અમે ફગાવી દેત, પરંતુ આમ કરવાથી આ મામલે દાખલ કરાયેલી અનેક અરજીઓ પર તેની અસર પડશે. વાત જાણે એમ છે કે વકીલ એમએલ શર્માએ અરજીમાં જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો વિરોધ વ્યક્ત કર્યો છે.

## અંકુશ રેખા પર પાકિસ્તાનનો ગોળીબાર : સ્થિતી સ્ફોટક

**જડબાતોડ જવાબમાં ૬ પાક જવાનના મોત : જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓને ઘુસાડી દેવા માટે પાકિસ્તાનના પ્રયાસ**

નવી દિલ્હી,તા. ૧૬

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી જટિલ અને વિવાદાસ્પદ કલમ ૩૭૦ની નાબુદી બાદ પાકિસ્તાન દ્વારા રાજ્યમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતીય સેના પણ જોરદાર જવાબ આપી રહી છે. ભારતીય સેનાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના અનેક જવાનોના મોત થયા છે. જો કે મોતના આંકડા અંગે માહિતી મળી રહી નથી. ફેક ન્યુઝ ફેલાવનાર અને પોતાના સૈનિકોના સંબંધમાં હમેંશા ખોટી માહિતી આપવા માટે કુખ્યાત પાકિસ્તાનની ગુપ્તતર સંસ્થા આઈએસઆઈ દ્વારા પોતાના ત્રણ જવાનો માર્યા ગયા હોવાની વાત કબુલી લીધ છે. બીજી બાજુ એમ પણ કહ્યુ છે કે પાકિસ્તાનના ગોળીબારમાં ભારતના પાંચ જવાનોના મોત થયા છે. ભારતીય સેનાએ પાકિસ્તાનના આ દાવાને ફગાવી દીધો છે. ભારતના સ્વતંત્રતા દિવસના પ્રસંગે પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. પુછના કૃષ્ણા ઘાટી વિસ્તારમાં પાકિસ્તાન દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225